TOWN PLANNING AND VALUATION DEPARTMENT
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું
GUJARAT STATE
ગુજરાત રાજ્ય

DPI NO. 3552 20/3/07

Block No. 14, Ground Floor & Second Floor, Dr. Jivraj Mehta Bhavan Gandhinagar-382 010
બ્લોક નં. ૧૪, ભોંયતળીયે અને બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦
Phone : 31671, 31669 ફોન : ૩૧૬૭૧, ૩૧૬૬૯

નંબર.નરયો/સુરત નં.૩૫(કતારગામ)/દ.ગુ./૯૭૪૫ ગાંધીનગર,
તા.૪/૩/૦૭.

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

DCP 21/3/07

વિષય:- સુચિત નગર રચના યોજના,સુરત નં.૩૫(કતારગામ)તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ થઈ અનુમોદન આપવા બાબત.

સંદર્ભ:- આપશ્રીની કચેરીના તા.૨-૧-૦૭ના પત્ર નં.ટીપીવી/૫૮૬૩.

મહાશય,

ઉપરોક્ત સંદર્ભના વિષયે જણાવવાનું કે,સુરત મહાનગરપાલિકા,સુરતની નગર નિયોજન સમિતિની તા.૧૦-૭-૦૬ની સભાના ઠરાવ નં.૩૯/૦૬ થી સુરત મહાનગરપાલિકા,વિસ્તાર પૈકીના મોજે.કતારગામના રેવન્યુ વિસ્તાર પૈકીની જમીનોના આયોજનબધ્ધ વિકાસ માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ નગર રચના યોજના,સુરત નં.૩૫(કતારગામ)બનાવવા અંગેનું કાયદાહેઠળનું ડેક્લેરેશન મળેલ છે.જે નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) 'સુડા'ની મંજુર વિકાસ યોજનાની જોગવાઈઓ મુજબ પ્રસ્તુત સુચિત યોજના વિસ્તારનો કેટલોક વિસ્તાર ખેતીવિષયક વિસ્તારમાં આવેલ છે.જેથી 'સુડા' ની પુનરાવર્તિત વિકાસ યોજનાની કાર્યવાહી હાલે 'સુડા' દ્વારા થઈ રહેલ છે. તેમાં સુચિત નગર રચના યોજના વિસ્તારમાં ખેતીવિષયક વિસ્તારવાળી જમીનો રહેણાંક વિસ્તારમાં આવરી લઈ રહેણાંક વિસ્તારમાં સુચવાયેલ છે.તે વિગતો ધ્યાને લઈ આ તબક્કે નીચે જણાવેલ મુદ્દા-૨ની વિગતોએ અનુમોદન આપવામાં આવે છે.('સુડા'ની પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ કાયદાની કલમ-૧૩ હેઠળ આ વિસ્તાર રહેણાંક વિસ્તારમાં સ્થિત થયેલ છે.)

(૨) મુસદ્દારુપ નગર રચના બનાવતી વખતે 'સુડા'ની મંજુર વિકાસ યોજના તથા પુનરાવર્તિત વિકાસ યોજનાના સંબંધક તબક્કાની વિગતો પણ ધ્યાને લેવાની રહેશે.

ઉક્ત શરતોને આધિન આ સાથેના નકશામાં ગુલાબી રંગથી દર્શાવેલ હદ મુજબના વિસ્તાર માટે ઉક્ત અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ પ્રાથમિક અનુમતી

..૨..

(કન્સલ્ટેશન) આપવામાં આવે છે. અને તે વિસ્તાર માટે નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ તથા તે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમો પ્રમાણેની યોગ્ય તે કાર્યવાહી સમયબધ્ધ રીતે હાથ ધરવામાં આવે તે જોવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

3/3/87

મુખ્ય નગરનિયોજક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.

નકલ રવાના:- પ્રતિ,

૧) પ્રવર નગર નિયોજકશ્રી, દ.ગુ.પ્રાદેશિક કચેરી, વડોદરા તરફ જાણ સારું.

૨) નાયબ નગર નિયોજકશ્રી, સુરત શાખા કચેરી, સુરત તરફ જાણ સારું.

રાઠોડ/૨૬૨૯૭.